eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 225
April 23, 2010

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૪/૦૪/૨૦૧૦ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૦૪/૨૦૧૦ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ડો.બાબાસાહેબ આંબેડરકની પ્રતિમાને વંદના અને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## શ્રેષ્ઠ ક્ષય નિયંત્રણ કામગીરી બાબતે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીને એવોર્ડ એનાયત

રાજયભરમાં ક્ષય નિયંત્રણ કામગીરી સને ૧૯૯૭ થી તબકકાવાર અમલમાં છે. સુરત મહાનગરપાલિકામાં સને ૨૦૦૦ થી અમલી છે. દર વર્ષે રાજયભરમાં સૌથી ઉત્તમ કામગીરી કરનારને વિવિધ કેટેગરી વાઈઝ એવોર્ડ એનાયત કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સાઉથઝોનની કામગીરી



સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન ઉધના વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૬(મજુરા–ખટોદરા)માં તુલસીનગર તથા કલ્યાણભાઈની ચાલવાળી ઝુપડપટ્ટીના ઝુંપડા રસ્તા/રીઝર્વેશન/કેનાલ કોરીડોર–બી.આર.ટી.એસ. પ્રોજેકટના વિકાસ કામમાં નડતરરૂપ હોય સ્લમ અપગ્રેડેશન સેલ મારફત બાયોમેટ્રીક સર્વે કરવામાં આવેલ બાયોમેટ્રીક સર્વેને આધિન સાઉથ ઝોન (ઉધના) મારફત ઝુંપડા ધારકોને આવાસ માટેના અરજી ફોર્મ ઈસ્યુ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનું સને ૨૦૦૬ થી હદ વિસ્તરણ થતા કુલ–૮ નગરપાલિકા અને ૨૭–ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જે પૈકી કોસાડ, અમરોલી, છાપરાભાઠા, ઉત્રાણ ગામતળ વિસ્તારોમાં તથા તેને અડીને આવેલ વિસ્તારો અવિકસિત વિસ્તારો હતા. જેમાં પાણી, ગટર, સફાઈ, સ્ટ્રીટલાઈટની ઘણી મોટી સમસ્યાઓ હતી તથા આ વિસ્તારો પ્લાનીંગ મુજબ ડેવલોપ થયેલ ન હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં તા.૦૨/૦૫/૨૦૧૦ના રોજ "સ્વર્ણિમ ગુજરાત દોડ"નું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૦ના રોજ "સ્વર્ણિમ ગુજરાત દોડ" નું આયોજન વરાછા ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૪/૦૪/૨૦૧૦ ના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૧૪/૦૪/૨૦૧૦ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ડો.બાબાસાહેબ આંબેડરકની પ્રતિમાને વંદના અને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.





દલિતોના મસીહા, ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુરતના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સૂતરની આંટી અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજયના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, સાંસદશ્રી સી.આર.પાટીલ, શાસકપક્ષના નેતા ભીમજીભાઈ પટેલ, મ્યુ.કમિશ્નર કુ.એસ.અર્પણા, કલેકટરશ્રી એ.જે.શાહ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રીમતી મંજુલાબેન સાવલીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા પ્રજાજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી. નગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા બાબાસાહેબના જીવન પર આધારિત સુવિચારો, સુવાકયો,''જયભીમ શાંતિ યાત્રા'' વિગેરે સાથેના બેનર સહિતની રેલી આકારે આંબેડકરની પ્રતિમા પાસે ભેગા થઈ ભાવાંજલિ આપવામાં આવી હતી. અંતમાં સૌએ ડો.બાબાસાહેબને સલામી આપીને અંજલિ આપવામાં આવી હતી. ડો.બાબાસાહેબ આંબેડકર 'અમર રહો'ના નારાથી વાતાવરણ ગૂંજી ઉઠયું હતું.

TOP

# શ્રેષ્ઠ ક્ષય નિયંત્રણ કામગીરી બાબતે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીને એવોર્ડ એનાયત



રાજયભરમાં ક્ષય નિયંત્રણ કામગીરી સને ૧૯૯૭ થી તબકકાવાર અમલમાં છે. સુરત મહાનગરપાલિકામાં સને ૨૦૦૦ થી અમલી છે. દર વર્ષે રાજયભરમાં સૌથી ઉત્તમ કામગીરી કરનારને વિવિધ કેટેગરી વાઈઝ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જે મુજબ રાજયભરનાં કુલ–૩૦ આર.એન.ટી.સી.પી. ડીસ્ટ્રીકટ (ત્રણ મહાનગરપાલિકા સહિત)માંથી દરેક કેટેગરી વાઈઝ શ્રેષ્ઠ કામગીરી માટે કામગીરીને અનુલક્ષીને કેસ ડીટેકશન, કયોર રેઈટ, ડીફોલ્ટ રેઈટ, ડેથ રેઈટ, ટ્રેનીંગ, સોસાયટી મીટીંગ, પ્રાઈવેટ પ્રેકટીશનર સામેલગીરી, ઈવેલ્યુયેશન, મોનીટરીંગ વિગેરે ઈન્ડીકેટરોને ધ્યાને લઈ સ્કોરીંગ કરવામાં આવે છે. સને ૨૦૦૯ના વર્ષ માટે આરોગ્ય અધિકારી કેટેગરીમાં ડો.હેમંત એસ. દેસાઈની પસંદગી થયેલ તથા તે મુજબ રાજયકક્ષાનાં વર્લ્ડ ટીબી–ડે કાર્યક્રમમાં તા. ૨૪/૩/૨૦૧૦ના રોજ મા. આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસનાં હસ્તે તથા શ્રી પ્રદિપસિંહ જાડેજા–દંડક, વિધાનસભા, શ્રી રાજેશ કિશોર–પ્રિન્સીપલ સેક્રેટરી–મેડીકલ સર્વીસ/એજયુકેશન, હેલ્થ કમિશનર–પ્રીન્સીપલ સેક્રેટરી શ્રીમતિ વી.એલ.જોશી, એડીશનલ ડાયરેકટર ડો.બી.બી.પંડયા તથા અન્ય અગ્રણી મહાનુભાવોની હાજરીમાં સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારી ડો.હેમંત એસ. દેસાઈને એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જેનાથી સુરત મહાનગરપાલિકાની આરોગ્યક્ષેત્રની કામગીરીમાં એક વધુ યશ કલગી ઉમેરાયેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે વિનામૂલ્યે ટીબી નિદાન ડોટસ સારવાર ઉપલબ્ધ છે. શહેરનાં કુલ–૧૦૬૧ પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ પોતાના દર્દીઓને આ લાભ આપી રહેલ છે. જે રાજયભરમાં પણ સૌથી વધુ છે.

વધુમાં શહેરના નાગરિકો પૈકી કોઈને પણ ટીબી જણાય તો ફકત ડોટસ સારવાર લેવા તથા આપના પ્રાઈવેટ ડોકટરને પણ ડોટસ સારવાર માટે જણાવવા આગ્રહ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સાઉથઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન ઉધના વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૬(મજુરા–ખટોદરા)માં તુલસીનગર તથા કલ્યાણભાઈની ચાલવાળી ઝુપડપટ્ટીના ઝુંપડા રસ્તા/રીઝર્વેશન/કેનાલ કોરીડોર–બી.આર.ટી.એસ. પ્રોજેકટના વિકાસ કામમાં નડતરરૂપ હોય સ્લમ અપગ્રેડેશન સેલ મારફત બાયોમેટ્રીક સર્વે કરવામાં આવેલ બાયોમેટ્રીક સર્વેને આધિન સાઉથ ઝોન (ઉધના) મારફત ઝુંપડા ધારકોને આવાસ માટેના અરજી ફોર્મ ઈસ્યુ કરવામાં આવેલ. ઝુંપડા ધારકો મારફત પુરાવા સાથે પરત કરેલ અરજી ફોર્મની ચકાસણી કરી આવાસ ફાળવવા માટે ડ્રો કરી ૮૫૭ ઝુંપડા ધારકોને આવાસ ફાળવવાની કાર્યવાહી કરવામાં આવેલ.





આ સ્થળે મોટા ભાગે ઓરીસ્સાવાસીઓ તથા હળપતિઓ અને મહારાષ્ટ્રીયન સમાજ તથા ઉત્તર ભારતીય રહીશોના આવાસો હતા. સુરત મહાનગરપાલિકા ધ્વારા આવાસોની ફાળવણી બાદ સ્થળ ઉપર ઝુંપડપટ્ટીના ડીમોલીશનની કાર્યવાહી શરૂ કરતા સ્થાનિકો ધ્વારા ઝુંપડાઓનું ડીમોલીશન અને વૈકલ્પિક સ્થળે સ્થળાંતર પોતાની રાહે કરવા બાહેંધરી આપેલ. જે બાહેંધરી મુજબ આ અસરગ્રસ્તો ધ્વારા દિન–૧૦(દશ)માં જ પોતાની રાહે મકાનો ખાલી કરી અને વૈકલ્પિક સ્થળે પણ પોતાની રાહે સ્થળાંતર કરેલ છે. સુરત મહાનગરપાલિકાના સ્ટાફ અને સાધનોની મદદ વિના જ માત્ર સુરત મહાનગરપાલિકાના સ્ટાફ અને સાધનોની મદદ વિના જ માત્ર સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોનના માર્ગદર્શન હેઠળ ૫૦૦ થી વધુ અસરગ્રસ્તો ધ્વારા ડીમોલીશન કરી સ્થળાંતર જાતે કરી સુરત શહેરના ઝડપી વિકાસમાં દાખલારૂપ યોગદાન આપેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનું સને ૨૦૦૬ થી હદ વિસ્તરણ થતા કુલ–૮ નગરપાલિકા અને ૨૭–ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જે પૈકી કોસાડ, અમરોલી, છાપરાભાઠા, ઉત્રાણ ગામતળ વિસ્તારોમાં તથા તેને અડીને આવેલ વિસ્તારો અવિકસિત વિસ્તારો હતા. જેમાં પાણી, ગટર, સફાઈ, સ્ટ્રીટલાઈટની ઘણી મોટી સમસ્યાઓ હતી તથા આ વિસ્તારો પ્લાનીંગ મુજબ ડેવલોપ થયેલ ન હતો. સમગ્ર નવા વિસ્તારો સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા બાદ પ્રથમ પ્લાનીંગની વ્યવસ્થા આ વિસ્તારોમાં ડ્રેનેજ, પાણીનું નેટવર્ક પ્રાથમિક સુવિધા પુરી પાડી શકાય તે હેતુસર આયોજન કરી કરવામાં આવેલ છે અને તેના આયોજનના ભાગરૂપે હાલમાં છાપરાભાઠા, નવો કોસાડ રોડ તથા રિલાયન્સ ચોકડી પાસે તથા ઉત્રાણમાં ડ્રેનેજ પંપીંગ સ્ટેશનનું બાંધકામ ચાલુ કરવામાં આવેલ છે જે પૈકી છાપરાભાઠાનું પંપીંગ સ્ટેશન પૂર્ણતાને આરે છે.

વધુમાં પાણીના નેટવર્ક માટે રિલાયન્સ ચોકડી પાસે **EWS** આવાસ ખાતે ન્યુ કોસાડ રોડ પર અભિષેક ટાઉનશીપ પાસે અભિષેક ટાઉનશીપ પાસે અન્ડર ગ્રાઉન્ડ ટાંકીનું બાંધકામ ચાલુ કરવામાં આવેલ છે. તથા ઉત્રાણમાં ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. વધુમાં  પ્રાથમિક તબકકાના ભાગરૂપે ૨૦૦૭–૦૮ થી ફાયર સ્ટેશન તથા હેલ્થ સેન્ટર તથા કોસાડ ખાતે યુટીલીટી સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. તથા છાપરાભાઠા ખાતે બાંધકામ પ્રગતિમાં છે. તેમજ **EWS** આવાસો પૈકી એચ–૧ માં પ્રાથમિક શાળાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. તથા એચ–૨માં શાળાનું બાંધકામ ચાલુ છે.

આ વિસ્તારની પ્રજાને લાભદાયી થઈ શકે તેવા પ્રોજેકટોમાં કોસાડ ખાતે ફાયર સ્ટેશન તથા હેલ્થ સેન્ટર સહિત રૂા.૨૨૬.૫૦ લાખ ખર્ચે પુર્ણ કરી કાર્યરત કરેલ છે. કોસાડ ખાતે એક પ્રાથમિક શાળાનું કામ શરૂ કરેલ છે, એક યુટીલીટી સેન્ટરનું છાપરા ભાઠા ખાતે કામ ચાલુ છે. રૂા.૨૯૦ લાખના ખર્ચે ૩૯ રસ્તાઓને મેટલ ગ્રાઉટીંગ કરવામાં આવ્યા, કુલ–૨૮ રસ્તાઓ કાર્પેટ/રીકાર્પેટ કરાવવામાં આવ્યાં, જેનો કુલ ખર્ચ રૂા.૯૪.૫૩ લાખ જેટલો થયેલ છે. કુલ રૂા.૧૨૮ લાખના ખર્ચે કુલ–૧૧૮૬ લાઈટ ફીટીંગ લગાડવામાં આવેલ છે.

ડ્રેનેજ કામગીરીમાં વર્ષ–૨૦૦૭ થી ૨૦૧૦ દરમ્યાન ૧૬૪૩ મફત જાજરૂની સુવિધા રૂા.૪૦.૯૯ લાખના ખર્ચે પુરી પાડવામાં આવી છે. તેમજ ડ્રેનેજ માટે નેટવર્ક અંતર્ગત રૂા.૮૦.૯૨ કરોડનો ખર્ચે કરવામાં આવેલ છે. જેમાં ૮ સુએઝ પંપીંગ સ્ટેશનની તથા નેટવર્કની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત જે.એન.યુ.આર.એમ. પ્રોજેકટ હેઠળ રૂા.૧૮૪.૦૪ કરોડના ખર્ચે બે લાખની વસતિને આવરી લેતો ૧૮૫ કિ.મી. લાંબી ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરીનો સમાવેશ થાય છે.

સદર વિસ્તારમાં જે.એન.યુ.આર.એમ. યોજના અંતર્ગત પાણી પુરવઠાના વિવિધ પ્રકલ્પોના રૂા.૧૬૭૪૩ લાખ મંજુર કરેલ, જે મુજબ આજદિન સુધીમાં ૬૭૧૫.૩૬ લાખનો ખર્ચ થયેલ છે, જેમાં ૨૦૦ એમ.એલ.ડી.ઈનટેક વેલ તથા ૧૨૨ એમ.એલ.ડી.ના ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૦૪–ભુગર્ભ ટાંકી તથા ૧૫–ઓવર હેડ ટાંકીનાં કામોનો સમાવેશ થાય છે, જે પૈકી રીલાયન્સ ચોકડી પાસે, એચ–૨ તથા એચ–૩ આવાસ પાસે તેમજ ન્યુ કોસાડ રોડ પર કામો પ્રગતિ હેઠળ છે.

નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારમાં આરોગ્ય–સેનીટેશનની કામગીરી માટે હાલ ૧૧૭ જેટલા સફાઈ કામદારો ફરજ બજાવે છે. આ અગાઉ આ વિસ્તારમાં કુલ–૫૨ કામદારો જ ફરજ બજાવતા હતા. આ ઉપરાંત ફાયલેરીયા–મેલેરીયાની કામગીરી માટે કુલ–૪૬ જેટલો સ્ટાફ નિયમિત રીતે કામગીરી બજાવે છે. નવા સમાવિષ્ટ વિસ્તારમાં અનુદાન હેઠળ સફાઈ કરાવતી ૧૮ સોસાયટીઓમાં રૂા.૨.૬૧ લાખનો વાર્ષિક ખર્ચ મહાનગરપલિકા કરે છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં તા.૦૨/૦૫/૨૦૧૦ના રોજ "સ્વર્ણિમ ગુજરાત દોડ"નું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૨/૦૫/૨૦૧૦ના રોજ "સ્વર્ણિમ ગુજરાત દોડ" નું આયોજન વરાછા ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ દોડ વરાછા હેલ્થ સેન્ટર, વૈશાલી સિનેમા, વરાછા રોડ થી શરૂ કરી કાપોદ્રા પોલિસ સ્ટેશન સુધીની રહેશે. આ દોડમાં ભાગ લેવા અંગેના રજીસ્ટ્રેશન ફોર્મ તમામ ઝોન કચેરી અને દરેક ઝોનમાં આવેલ નાગરિક સુવિધા કેન્દ્ર ઉપરથી મેળવી તા. ૨૯/૦૪/૨૦૧૦ સુધીમાં ભરીને ત્યાં જ પરત કરવાના રહેશે. દોડનાં દિવસે રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી. દોડનો સમય સવારે ૭.૩૦ કલાક હોય, ભાગ લેનાર તમામ નગરજનોએ સવારે ૬.૩૦ કલાકે ઉપરોકત સ્થળે હાજર રહેવા વિનંતિ. મહિલાઓ, બાળકો અને વડીલો માટેનો અલગ દોડનો વિભાગ રાખવામાં આવેલ છે. શહેરના તમામ નગરજનોને દોડમાં ભાગ લઈ "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ની ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રણ છે.

દોડની તારીખ :– ૦૨/૦૫/૨૦૧૦, રવિવાર

સમય :– સવારે ૭.૩૦ કલાકે

સ્થળ :– વરાછા હેલ્થ સેન્ટર, વૈશાલી સિનેમા પાસે, વરાછા રોડ, સુરત.

TOP